Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :35• Date : 18-01-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisodiya • Mo. 98790 84567

## મહિલા ખેડુતને વર્ષે મળશે ૧ ૨ હજાર, ટૂંક સમયમાં થશે જાહેરાત



નવી દિલ્હી,

દેશમાં આ વર્ષે લોકસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે. તે પહેલા મહિલા ખેડૂતોને મોટા સમાચાર મળી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહિલા ખેડૂતોને આપવામાં આવતી વાર્ષિક સન્માન નિધિને બમણી કરવા જઈ રહ્યા છે. જો આમ થશે તો મહિલા ખેડૂતોને કેન્દ્ર સરકાર તરફથી દર વર્ષે ૧૨,૦૦૦ રૂપિયા મળશે. હાલમાં દેશભરના ખેડૂતોને વાર્ષિક ૬૦૦૦ રૂપિયા સન્માન નિધિ તરીકે આપવામાં આવે છે.

રોઈટર્સે સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં સન્માન નિધિને બમણી કરવાની જાહેરાત કરી શકે છે. આ સાથે સરકારને સામાન્ય ચૂંટણીમાં મહિલા મતદાતાઓનું ભારે સમર્થન મળી શકે છે. સૂત્રોને ટાંકીને આ અહેવાલ મુજબ ૧ ફેબ્રુઆરીએ રજૂ થનારા વચગાળાના બજેટમાં આની જાહેરાત કરવામાં આવનાર છે. આ નિર્ણયથી સરકાર પર લગભગ ૧૨ હજાર કરોડ રૂપિયાનો વધારાનો બોજ પડશે. પીએમ મોદીએ ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી પહેલા કિસાન સન્માન નિધિ (પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ) આપવાની જાહેરાત કરી હતી. કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર, હાલમાં દેશના ૧૧ કરોડ ખેડૂતો આ યોજનાનો લાભ લઈ રહ્યા છે. આ યોજના દ્વારા નવેમ્બર સુધી ૧૫ હપ્તામાં ૨.૮૧ લાખ કરોડ રૂપિયાનું વિતરણ કરવામાં આવ્યું છે. બાર્કલેઝ ઈન્વેસ્ટમેન્ટ બેંકના અર્થશાસ્ત્રી રાહુલ બાજોરિયાએ જણાવ્યું હતું કે કિસાન સન્માન નિધિમાં વધારો કરવાથી મહિલાઓને મોટો ટેકો મળશે. તેનાથી તેમની આર્થિક શક્તિમાં પણ વધારો થશે. રિપોર્ટમાં એક સૂત્રએ જણાવ્યું હતું કે કોઈપણ સરકારી યોજનામાં મહિલાઓને આપવામાં આવતી રોકડ સહાયને બમણી કરવાનો કોઈ દાખલો નથી. તેનાથી ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓની સ્થિતિ વધુ મજબૂત થશે. જો કે, કૃષિ મંત્રાલય અને નાણા મંત્રાલયે આ મુદ્દે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. હાલમાં દેશમાં ૨૬ કરોડ ખેડૂતો છે. તેમના પરિવારોને કારણે તેઓ એક મોટી વોટ બેંક છે. સરકારી આંકડા મુજબ દેશની ૧૪૨ કરોડની વસ્તીમાં મહિલાઓની સંખ્યા લગભગ ૬૦ ટકા છે. પરંતુ, માત્ર ૧૩ ટકા જમીન માલિકો છે. આ જ કારણ છે કે સન્માન નિધિને બમણી કરવા છતાં સરકારને બહુ ફરક નહીં પડે.

## સુરત, વડોદરા, પંચમહાલના અનેક વિસ્તારોમાં માવઠું

### વલસાડ જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યા બાદ કપરાડા અને ધરમપુરના અંતરિયાળ વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો

વડોદરા,

રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા ભરશિયાળામાં માવઠું થવાની આગાહી કરી હતી. આ આગાહી વચ્ચે મંગળવાર રાતથી રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે. મળતી માહિતી પ્રમાણે, વડોદરા, શિનોરસ પાવાગઢ, વલસાડ, દાહોદ, સુરત, નવસારીના અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે.

જ્યારે અનેક વિસ્તારોમાં આજે સવાર સુધીમાં સામાન્ય વરસાદની પણ આગાહી કરવામાં આવી છે. વલસાડ જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યા બાદ કપરાડા અને ધરમપુરના અંતરિયાળ વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. ભર શિયાળે વરસાદથી ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. દિવસભર વાદળછાયું વાતાવરણ છવાયુ હતુ જોકે, છેલ્લા બે દિવસથી જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો હતો. મંગળવારે સવારે પણ ઉમરગામ વાપી સહિત જિલ્લાના અન્ય કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. સુરતના ઓલપાડ તાલુકાનાં કેટલાક વિસ્તારમાં મોડી રાત્રે હળવા છાંટા શરુ પડ્યા હતા. હવામાન વિભાગે કમોસમી વરસાદની આગાહી આપી હતી જેના પગલે ઓલપાડ તાલુકામાં મોડી સાંજે વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. ઓલપાડનાં સોંદામીઠાં ટકારમાં ભટગામ સહિતનાં વિસ્તારમાં મોડી રાત્રે હળવા છાંટા શરુ થયા હતા. નવસારી જિલ્લામાં માવઠું થયુ હતુ. બિલીમોરામાં મોડી રાત્રે કમોસમી વરસાદ ખાબક્યો હતો. બિલીમોરાના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ છવાતા ભરશિયાળે વરસાદ થતાં ખેડૂતોમાં ચિંતા પ્રસરી હતી. દક્ષિણ ગુજરાતની સાથે વડોદરા શહેરમાં પણ વરસાદનું આગમન થયુ હતુ. આજે વહેલી સવારે વરસાદી માવઠાને પગલે વાતાવરણ ઠંડુગાર બન્યુ હતુ. વરસાદી માવઠાને પગલે શહેરીજનો વિમાસણમાં મુકાયા હતા કે, ગરમ વસ્ત્રો પહેરવા કે પહેરવો રેઈનકોટ? વહેલી સવારે નોકરીયાત વર્ગ અને સ્કુલ કોલેજ જતા વિદ્યાર્થીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વરસાદી માવઠાને પગલે ઉભા પાકને પણ નુકસાન પહોંચવાની ભીતિ સેવાઈ રહી છે. વડોદરાના શિનોર પંથકમાં એકાએક વાતાવરણમાં આવ્યો પલટો હતો. શિનોરના તરવા, કુકશ સહિતના ગામોમાં કમોસમી વરસાદ વરસતા ખેડૂતોમાં ચિંતાનો માહોલ પ્રસર્યો હતો. કમોસમી વરસાદ વરસતાની સાથે જ વીજળી પણ ગુલ થઈ ગઈ હતી. વીજળી ગુલ થતાં તરવા,કુકશ સહિતના ગામોમાં અંધારપટ છવાયો હતો. યાત્રાધામ પાવાગઢમાં પણ વરસાદ વરસ્યો હતો. ત્યાં વરસાદની વચ્ચે સવારે ભક્તોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી. ધુમમ્સ અને વાદળ જાણે માતાજીના મંદિર પરિસરમાં ભક્તોનું સ્વાગત કરતાં હોય એવો અદ્ભૂત નજારો જોવા મળ્યો હતો. પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના પૂર્વ વિસ્તારમાં કમોસમી વરસાદ પડ્યો હતો. મોડી રાત્રે મૂળાની કાપડી,ગજાપુરા,કાંટુ સહિત દાહોદ જિલ્લાના છેવાડા ના વાવ લવારીયા ,કાકલપુર સહિતના ગામોમાં મોડી રાત્રે અને વહેલી સવારે કમોસમી વરસાદ થતાં ખેડૂતોમાં ચિંતા છવાઈ છે.

## મૂર્તિની વિધિઓ અનુસાર પ્રાણ પ્રતિષ્ઠા કરવી જોઈએ: સ્વામી નિશ્ચાલનંદ સરસ્વતી

નવી દિલ્હી,

ઉત્તર પ્રદેશની અયોધ્યા નગરીમાં પ્રભુ શ્રી રામની મુર્તિની પ્રાણ પ્રતિષ્ઠાનો મહોત્સવ ૨૨મી જાન્યુઆરીએ યોજાનાર છે જેને લઈને પૂરજોશમાં તૈયારી થઈ રહી છે અને ભક્તોમાં ભારે ઉત્સાહ છે ત્યારે ગોવર્ધન મઠના શંકરાચાર્ય સ્વામી નિશ્ચાલનંદ સરસ્વતીએ આ કાર્યક્રમને લઈને વડાપ્રધાન મોદી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર નારાજગી વ્યક્ત કરી છે.

રામમંદિરમાં રામની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાને લઈને જ્યાં એક તરફ વિરોધ પક્ષના નેતા દ્વારા નિવેદબાજી થઈ રહી છે ત્યારે હવે સાંધુ સંતોમાં પણ નારાજગી જોવા મળી રહી છે. ગોવર્ધન મઠના શંકરાચાર્ય સ્વામી નિશ્ચલાનંદ સરસ્વતી ફરી એકવાર પોતાના નિવેદનને લઈને ચર્ચામાં આવ્યા છે જેમાં તેમણે અયોધ્યામાં આયોજિત રામ મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને વડાપ્રધાન મોદી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે મૂર્તિની શાસ્ત્રો અને વિધિઓ અનુસાર પ્રાણ પ્રતિષ્ઠા કરવી જોઈએ જેથી ભગવાનનો મૂર્તિમાં પ્રવેશ થઈ શકે છે, નહિંતર, મૂર્તિમાં ભૂત પ્રવેશ કરી શકે છે.

પ્રભુ શ્રી રામ વિશે વાત કરતા આગાળ તેમણે કહ્યું કે ભગવાન રામ પૂજનીય છે અને રામજીને ધર્મનિરપેક્ષ માનીને પ્રતિષ્ઠા ન થવી જોઈએ, આ સિવાય તેમણે એમ પણ કહ્યું હતું કે આ કોઈ આંબેડકરની મૂર્તિની પ્રતિષ્ઠા નથી, ભગવાન રામને સનાતનીના અવતાર માનીને પ્રાણ પ્રતિષ્ઠા કરવી જોઈએ. તેમણે વડાપ્રધાન મોદી અને યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર આકરા પ્રહારો કરતા કહ્યું કે મૂર્તિ સાથે છેડછાડ ન કરો. શંકરાચાર્યએ બંનેને સવાલ કરતા કહ્યું કે શું તેઓ અમને પડકારવા માટે વડાપ્રધાન કે મુખ્યમંત્રી બન્યા છે? ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલા જ તેમણે જાહેરાત કરી હતી કે તેઓ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં જશે નહીં.

### તંત્રીની કલમે.................

## ઘરેલુ પર્યટનના વિમર્શને મળી નવી દિશા

નવા વર્ષના અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લક્ષદ્વીપ પ્રવાસે એક નવી જ ચર્ચા છેડી દીધી છે. ચીનના ખોળામાં બેઠેલી માલદીવની નવી સરકાર અને ત્યાંના કેટલાય લોકો આને પોતાના પર્યટન ઉદ્યોગને પડકાર રૂપે જોઈ રહ્યા છે. આનાથી પેદા થયેલી ખીજને કારણે માલદીવના કેટલાક જવાબદાર લોકો દ્વારા ઈન્ટરનેટ પર ભારત અને ભારતીય નેતાઓ પ્રત્યે બેજવાબદાર અને અપમાનજનક ટિપ્પણીઓ સુદ્ધાં કરવામાં આવી. જોકે માલદીવ સરકાર દ્વારા તાબડતોબ તેમના પર કાર્યવાહી કરીને પટાક્ષેપ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો, કારણ કે તેને કારણે કેટલાય ભારતીય પર્યટકોએ માલદીવને પ્રવાસો રદ્દ કરવા માંડ્યા. પર્યટન જ માલદીવની આવકનો મોટો સ્રોત છે. આખા ઘટનાક્રમે ઘરેલુ પર્યટનના મુદ્દાને નવેસરથી ધાર આપવાનું કામ કર્યું. માલદીવથી ઈતર પણ આ મુદ્દા પર વિચારણા જરૂરી છે. અસલમાં જ્યારે લોકો સલેહગાહ માટે વિદેશ જાય છે તો તેનાથી તેમના દેશ પર વ્યાપક પ્રતિકૂળ પ્રભાવ પડે છે. આર્થિક મોરચે જોઈએ તો દેશની ધનરાશિ તાત્કાલિક બહાર જાય છે, જે દેશમાં રહી હોત તો સ્થાનિક ઉદ્યમોને પ્રોત્સાહન, રોજગાર સર્જન અને અંતે જીડીપીને વધારતી. વિદેશી પર્યટન પર ખર્ચથી ન માત્ર ઘરેલુ આર્થિક ગતિવિધિઓની ગતિ વધારવાનો અવસર ગુમાવી દેવાય છે, બલ્કે વેપાર ખાધ પણ વધી શકે છે. ત્યાં જ ઘરેલુ પર્યટન સ્થળોનું અપેક્ષિત દોહન નહીં થવાથી એ ક્ષેત્રોમાં સંભવિત રોકાણ પ્રભાવિત થાય છે. ત્યાં વિકાસ ગતિવિધિઓ અટકી શકે છે, જેનાથી સ્થાનિક અર્થતંત્ર સંકોચાઈ શકે છે. પરિણામે બુનિયાદી માળખા અને સેવાઓના સ્તરમાં ઘટાડો આવી શકે છે.

સામાજિક-સાંસ્કૃતિક વારસાની દૃષ્ટિએ પણ વિદેશી પર્યટનના ઘણા ઊંડા નિહિતાર્થ છે. રાષ્ટ્રીય ઓળખ અને ગૌરવ પર તેના દીર્ઘકાલીન પ્રભાવ પડી શકે છે. જ્યારે લોકોનો દેશના મુખ્ય સ્થળો, ઈતિહાસ, સંસ્કૃતિ અને વારસા પ્રત્યે બોધ કમજોર થાય છે તો આગામી પેઢીઓને એ ભાવનું અપેક્ષિત હસ્તાંતરણ નથી થઈ શકતું. પર્યટકોની આવકમાં ઘટાડાથી રાજસ્વ પણ ઘટે છે, જેનાથી સ્થળોના ઐતિહાસિક-સાંસ્કૃતિક સંરક્ષણના અભિયાને આંચકો લાગે છે. નિઃસંદેહ વિદેશી પર્યટનથી લોકોનો દૃષ્ટિકોણ વ્યાપક થવાની સાથે જ વિશ્વને લઈને બહેતર સમજ વિકસે છે, પરંતુ તેના પર વધુ પડતા જોરથી આર્થિક અને સાંસ્કૃતિક નુકસાનની સાથે જ દેશની બહેતરી અને ઓળખને ઝાટકો લાગવાનું જોખમ વધી જાય છે.

વીમા કંપની એકો અને બજાર સંશોધન કંપની યુગોવના એક હાલના રિપોર્ટ અનુસાર ભારતીયોની વિદેશોમાં ફરવાની પ્રવૃત્તિ નિરંતર વધતી જાય છે. જ્યાં ૬૦ ટકા સહેલાણીઓની યોજનામાં વિદેશ હોય છે તો ૧૦ ટકા પર્યટક ફરવાના ઉદ્દેશ્યથી માત્ર વિદેશને જ પ્રાથમિકતા આપે છે. મહામારીના કેટલાય પ્રતિબંધો છતાં આ વલણ વધી રહ્યું છે જે પર્યટન વ્યવહારમાં આવેલ મોટા બદલાવને દર્શાવે છે. સ્વચ્છતા, સગવડ અને ભીડભાડથી બચવું જેવા પાસં તેમાં પ્રભાવી ભૂમિકા નિભાવે છે. આ જ કારણે ગોવા, હિમાચલ, કેરળ, ઉત્તરાખંડ અને રાજસ્થાનના મુકાબલે દુબઈ, માલદીવ, સિંગાપોર, સ્વિટ્ઝરલેન્ડ અને બાલી જેવા વિદેશી સ્થળો પર્યટકોની પહેલી પસંદ બની રહ્યા છે. ખર્ચમાં પણ ભારે અંતર છે. જ્યાં વિદેશી પર્યટન પર એક લાખથી છ લાખ રૂપિયા વચ્ચે ખર્ચ કરવામાં આવે છે તો લગભગ ૫૫ ટકા ઘરેલુ પર્યટક પોતાના પ્રવાસ એક લાખથી ઓછા ખર્ચમાં પતાવે છે.

આ વલણને પલટવા માટે ભારતે વ્યાપક પ્રયાસો કરવા પડશે. આપણાં પર્યટન સ્થળોનો ચોતરફી વિકાસ કરવો પડશે. તેના માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ સંયુક્ત રણનીતિ બનાવવી પડશે. ટૂર ગાઈડ, બાળકો માટે આકર્ષક ગતિવિધિઓ, ખાનપાન અને સાંસ્કૃતિક સહભાગીતા પર ધ્યાન આપવું પડશે. સાફસફાઈ, સુરક્ષા અને સુવિધાઓ વધવાથી પણ પર્યટક આકર્ષિત થશે. ઐતિહાસિક સ્થળોને પણ વધુ આકર્ષક બનાવવાના પ્રયાસો ઉપયોગી સાબિત થશે. ભારતની વૈશ્વિક છબિને ચમકાવવામાં માર્કેટિંગ અને ઈન્ટરનેટ મીડિયાનો પણ લાભ ઉઠાવવામાં આવે. આ મામલે મધ્ય પ્રદેશ દ્વારા ચલાવવામાં આવેલ 'એમપી ગજબ હૈ, સબ સે અલગ હૈ' અને 'હિંદુસ્તાન કા દિલ દેખો' જેવા અભિયાનોએ લોકોના માનસ પર ઊંડી છાપ છોડી હતી. એવું જ 'કુછ દિન તો ગુજારો ગુજરાત મેં' અભિયાનનું પણ રહ્યું. કોઈ ક્ષેત્રના વિશિષ્ટ પાસાં અને સાંસ્કૃતિક સમૃદ્ધિના સમાવેશવાળા આવા અભિયાન બહુ પ્રભાવી હોય છે. અન્ય રાજ્યોએ એમાંથી બોધ લેવો જોઈએ. યાદ રહે કે સ્વાગત-સત્કાર અને સુરક્ષા એવા મુદ્દા છે, જે પર્યટકોને કોઈ સ્થળે ફરીથી જવા માટે પ્રોત્સાહિત કરે છે. ભારતના બહુરંગી ઉત્સવ-તહેવારોથી પણ પર્યટકોને આકર્ષી શકાય છે.

### દહેરાદૂનમાં ક્લોરિન ગેસ લીક થતા ખળભળાટ

# ગેસ લીક થતા લોકોને શ્વાસ લેવામાં તકલીફ, વિસ્તાર ખાલી કરાવાયો

### ઝાઝરામાં ખાલી પ્લાન્ટની અંદરથી આ લીકેજ થયું છે, જેના કારણે આસપાસના લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે



નવી દિલ્હી,

ઉત્તરાખંડના દેહરાદૂનમાં ક્લોરિન ગેસ લીક થવાને કારણે ખળભળાટ મચી ગયો છે. ઝાઝરામાં ખાલી પ્લાન્ટની અંદરથી આ લીકેજ થયું છે. જેના કારણે આસપાસના લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે.

આ ખાલી પ્લાન્ટમાં સિલિન્ડર રાખવામાં આવ્યા હતા, જેમાંથી ક્લોરિન લીક થઈ ગયું છે. પોલીસે આસપાસના વિસ્તારને ખાલી કરાવ્યો છે અને સિલિન્ડરને ભૂગર્ભમાં દાટી દેવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પોલીસ, ફાયર વિભાગ અને એસડીઆરએફની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. ગેસ લીક થવાની માહિતી મળતા જ એસએસપી અજય સિંહ તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ ઉપરાંત ફાયર વિભાગ, **SDRF** અને **NDRF**ની ટીમો પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને ક્લોરીન ગેસના લીકેજને રોકવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ખાડો ખોદીને ક્લોરિન ગેસ સિલિન્ડરો દાટી રહ્યા છે. ગેસ લીકને રોકવામાં લાગેલી ટીમોનો એક વીડિયો જાહેર કર્યો છે, જેમાં જોઈ શકાય છે કે કેવી રીતે એક ટીમ ક્લોરિન ગેસ સિલિન્ડરને જમીનમાં દાટી રહી છે, જેથી ગેસ લીકને નિયંત્રિત કરી શકાય. મળતી માહિતી મુજબ આ ઘટના વહેલી સવારે બની હોવાનું કહેવાય છે. પોલીસ સ્ટેશન પ્રેમનગરને બાતમી મળી હતી કે ઝાઝરા વિસ્તારમાં એક ખાલી પ્લોટમાં ગેસ સિલિન્ડર લીક થઈ રહ્યું છે. માહિતી મળતાં જ વરિષ્ઠ પોલીસ અધિક્ષક સહિત એસડીઆરએફ અને એનડીઆરએફની ટીમો આવી પહોંચી હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી. તેમજ આસપાસના વિસ્તારમાં આવેલા મકાનોમાંથી લોકોને બહાર કાઢી સલામત સ્થળે લઈ જવામાં આવ્યા હતા. સ્થળ પરથી ગેસ સિલિન્ડર હટાવવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. **SSP**એ અધિકારીઓને આ મામલે તપાસ કરવા સૂચના આપી હતી કે પ્લોટમાં સિલિન્ડર કોણે રાખ્યા હતા.

# ઉદ્ધવ જૂથના ધારાસભ્ય અને તેના સાથીઓને ત્યાં ઈડીના દરોડા

### ઈડીએ જોગેશ્વરીમાં એક ભવ્ય હોટલના નિર્માણના સંબંધમાં રવિન્દ્ર વાયકર, તેમની પત્ની અને અન્યો વિરુદ્ધ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ કેસ નોંધ્યો

મુંબઈ,

મુંબઈમાં શિવસેના જૂથના નેતા અને ધારાસભ્ય અને તેના ભાગીદારો સાથે જોડાયેલા સાત વિવિધ સ્થળે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ દરોડા પાડ્યા હતા.

મુંબઈમાં જોગેશ્વરીમાં એક હોટલના નિર્માણના મામલે ઉદ્ધવ જૂથના નેતા અને ધારાસભ્ય રવીન્દ્ર વાયકર અને તેમના સાથીઓના વિવિધ સાત સ્થળે પર ઈડીએ કાર્યવાહી કરી હતી. ઈડીએ આ કાર્યવાહી જોગેશ્વરીમાં જમીનના ઉપયોગની શરતોમાં કથિત રીતે છેડછાડ કરીને હોટલ બનાવવાના મામલે કરી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ દરોડામાં વાયકર અને તેના કેટલાક સહયોગીઓ તેમજ અન્ય લોકોનો પણ સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે રવીન્દ્ર વાયકર શિવસેના (ઉદ્ધવ) જૂથમાંથી શિવસેનાના ધારાસભ્ય છે અને મહારાષ્ટ્ર વિધાનસભામાં જોગેશ્વરી પૂર્વ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે. આ પહેલા ગયા વર્ષે ઈડીએ બૃહદ મુંબઈ સાથેના કરારનું ઉલ્લંઘન કરીને જોગેશ્વરીમાં એક ભવ્ય હોટલના નિર્માણના સંબંધમાં રવિન્દ્ર વાયકર, તેમની પત્ની અને અન્યો વિરુદ્ધ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ કેસ નોંધ્યો હતો. વાયકર અને અન્ય પાંચ સામે મુંબઈ પોલીસની ઈકોનોમિક ઓફેન્સ વિંગ દ્વારા કેસ નોંધાયો હતો. ઈડીનો મની લોન્ડરિંગ કેસ તેની જ એફઆઈઆર પર આધારિત હતો.

# યુગલોને આકર્ષી રહ્યા છે ઐતિહાસિક કિલ્લા અને દરિયા કિનારાની સુંદરતા



દમણ,

રાજયના પડોશમાં આવેલા સંઘપ્રદેશ દમણ અત્યાર સુધી પર્યટન સ્થળ તરીકે જાણીતું હતું.દેશભરમાંથી પર્યટકો અહીં ખાવાપીવાની મોજ મસ્તી અને વેકેશનમાં હરવા ફરવા આવતા હતા. જોકે, હવે દમણ પર્યટનની સાથે પ્રી-વેડિંગ ડેસ્ટિનેશન પણ બની રહ્યું છે.

અહીંના ઐતિહાસિક કિલ્લા અને દરિયા કિનારાની સુંદરતાથી આકર્ષાઈને યુગલો પ્રી-વેડિંગ શૂટિંગ માટે પહોંચે છે. જેથી સ્થાનિક લોકોમાં પણ ઉત્સાહ છે. રાજયના પડોશમાં આવેલું સંઘ પ્રદેશ દમણ દરિયા કિનારે આવેલો નાનકડો પ્રદેશ છે. જે દેશભરમાં પર્યટન તરીકે જાણીતો છે. દમણના દરિયા કિનારે સમગ્ર ગુજરાત મહારાષ્ટ્ર ઉપરાંત દેશના અન્ય રાજયોમાંથી પણ પર્યટકો પરિવાર સાથે આવી અને સમય વિતાવે છે. જોકે અત્યાર સુધી દમણમાં દારૂની છૂટ હોવાથી મોટેભાગે પાર્ટીના શોખિનો જ વધારે આવતા હતા. પરંતુ છેલ્લા કેટલાક સમયથી દમણના દરિયા કિનારા વિસ્તારમાં થયેલા વિકાસના કામોને કારણે દમણના દરિયા કિનારાની શકલ સુરત ફરી ગઈ છે. દરિયા કિનારે બનાવેલા સી ફેસ રોડ નમો પથ અને રામસેતુ પથની સુંદરતાથી આકર્ષાઈને દેશભરના પર્યટકો હવે દમણના દરિયા કિનારે ઊમટે છે. દમણના દરિયા કિનારે થયેલા વિકાસને કારણે દમણનો દરિયો કોઈ વિદેશના દરિયા કિનારા જેવો સુંદર લાગી રહ્યો છે. આથી દમણના દરિયા કિનારે દેશભરમાંથી પર પર્યટકો આવે છે. જોકે હવે દમણનો આ દરિયા કિનારો પર્યટન સ્થળની સાથે પ્રી વેડિંગ ડેસ્ટિનેશન માટે માનીતું અને જાણીતું સ્થળ બની રહ્યું છે. દરિયા કિનારા અને આસપાસના વિસ્તારના સુંદર લોકેશનને કારણે ફોટોગ્રાફરો અને યુગલો પ્રી વેડિંગ શૂટિંગ માટે દરિયાકિનારે અને દમણના અન્ય ઐતિહાસિક સ્થળો પર પહોંચે છે. પ્રી વેડિંગ શૂટિંગ કરાવી જિંદગીભરનું સંભારણું સાથે લઈ જાય છે. આમ છેલ્લા કેટલાક સમયથી દમણના ઐતિહાસિક કિલ્લાઓ અને દરિયા કિનારે મોટી સંખ્યામાં ફોટોગ્રાફરો અને યુગલો પ્રીવેડિંગ શૂટિંગ માટે પહોંચે છે અને દમણનો દરિયા કિનારો હવે પ્રી વેડિંગ ડેસ્ટિનેશન તરીકે જાણીતો બની રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી લગ્ન પ્રસંગ દરમિયાન યુવક યુવતીઓમાં પ્રીવેડિંગનો ક્રેઝ વધી રહ્યો છે. લગ્ન પહેલા વર વધુ કોઈ જાણીતા અને ફરવાલાયક સ્થળો પર જઈ પ્રી વેડિંગ શૂટિંગ કરાવે છે અને પોતાની જિંદગીનું સંભારણું બનાવે છે. જોકે અત્યાર સુધી રાજય અને દેશના અન્ય જાણીતા પર્યટન સ્થળો પર યુગલો પ્રી વેડિંગ શૂટિંગ માટે જતા હતા. પ્રી વેડિંગ શૂટિંગ માટે જે સુંદર લોકેશનોની જરૂર છે, તેવા તમામ લોકેશનો દમણના અને આસપાસના વિસ્તારમાં મળી રહી છે.

અહીં ઐતિહાસિક કિલ્લો, બગીચાઓ અને દરિયા કિનારો પર્યટકોને આકર્ષે છે. સાથે જ ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી માટે પણ આ એક સુંદર સ્થળ હોવાથી દમણના ઐતિહાસિક કિલ્લાઓમાં પણ યુગલો પ્રીવેડિંગ શૂટિંગ કરાવે છે. કિલ્લાની અંદર ઐતિહાસિક ચર્ચ બિલ્ડીંગોને રંગબેરંગી કલરથી શણગારવામાં આવી છે. આથી દમણમાં મીની ગોવા જેવો માહોલ જોવા મળે છે. જે નવયુગલોને પ્રી વેડિંગ શૂટિંગ માટે આકર્ષે છે. ફોટોગ્રાફર અને વીડીયોગ્રાફરો દૂર જઈને મોંઘા બજેટમાં પ્રી વેડિંગ શૂટિંગ કરવાને બદલે હવે ઓછા ખર્ચે દમણના આસપાસમાં જ પ્રી-વેડિંગ શૂટિંગ માટે સારા લોકેશન મળી રહેતા હોવાથી હવે ગુજરાત સહિત દેશના અન્ય રાજયોમાંથી પણ યુગલો પ્રીવેડિંગ શૂટિંગ માટે આવે છે. આમ દમણ પર્યટનની સાથે હવે પ્રી વેડિંગ શૂટિંગ માટેનું માનીતું અને જાણીતું ડેસ્ટિનેશન બની રહ્યું છે. આથી સ્થાનિક લોકોમાં પણ તેનો ઉત્સાહ છે. લગ્ન પ્રસંગોમાં પ્રી-વેડિંગ શૂટિંગ ખૂબ જ ખર્ચાળ સાબિત થાય છે. પરંતુ અત્યારની પેઢીમાં પ્રી વેડિંગ શૂટિંગનો ક્રેઝ છે. આથી લાખો ખર્ચને પણ યુગલો પ્રીવેડિંગ શૂટિંગ માટે દેશના અન્ય રાજ્યોમાં જાય છે. જોકે દમણના દરેક કિનારે અને અન્ય ઐતિહાસિક સ્થળ પર કોઈપણ પ્રકારની પ્રીવેડિંગ શૂટિંગ માટે કોઈ ફી ન હોવાથી કે કોઈ ચાર્જ વસૂલવામાં ન આવતો હોથી દરિયા કિનારે અને અન્ય ઐતિહાસિક સ્થળો પર પ્રીવેડિંગ શૂટિંગ કરાવવું ખૂબ જ સસ્તું પડે છે. આથી બજેટને પરવડે તેવું કોઈપણ જાતના ચાર્જ ચૂકવ્યા વિના દમણના સુંદર લોકેશન પર પ્રી વેડિંગ શૂટિંગ એક યાદગાર સંભારણું બની રહેતું હોવાથી દમણ પર્યટનની સાથે હવે પ્રી વેડિંગ શૂટિંગનું પણ ડેસ્ટિનેશન બની રહી રહ્યું છે. આગામી સમયમાં તેનો વ્યાપ વધે તેમ લાગી રહ્યું છે.

# લાઈસન્સ વગર પતંગ ઉડાડવી તમને મુશ્કેલીમાં મૂકી દેશે

અમદાવાદ,

દેશભરમાં મકરસંક્રાતિની ધૂમ છે. લોકો ઉત્તરાયણ આવવાના ૧૦ દિવસ પહેલા જ પતંગ ઉડાવવાનું શરૂ કરી નાખે છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં લોકો પતંગ ચગાવે છે. જોકે તમને એ ખબર છે કે મંજૂરી વગર પતંગ ઉડાવવી ગુનો છે. આ માટે તમને દંડ પણ થઈ શકે છે. જાણીને નવાઈ લાગશે કે, પતંગ ઉડાવવા માટે પણ તમારે પરમિટની જરૂર હોય છે. ખરેખર, ભારતીય એરક્રાફ્ટ એક્ટ ૧૯૩૪ હેઠળ ભારતમાં પતંગ ઉડાડવી ગેરકાયદેસર છે. જો તમે તેના માટે લાયસન્સ મેળવ્યું હોય તો જ તમે પતંગ ઉડાડી શકો છો.

જો તમે કાયદાનું ઉલ્લંઘન કરો છો, તો તમને ૨ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. આ સિવાય ૧૦ લાખ રૂપિયા સુધીનો દંડ પણ થઈ શકે છે. તમે વિચારતા હશો કે પતંગ ઉડાવવી ગેરકાયદેસર કેવી રીતે હોઈ શકે? તેનું કારણ એ છે કે કાયદા હેઠળ તે વિમાનના દાયરામાં પણ આવે છે. ભારતીય એરક્રાફ્ટ એક્ટ ૧૯૩૪ હેઠળ આપવામાં આવેલી 'વિમાન'ની વ્યાખ્યામાં પતંગનો પણ સમાવેશ થાય છે. માત્ર પતંગ જ નહીં, ઉડતા બલૂન, ગ્લાઈડર પણ એરક્રાફ્ટની શ્રેણીમાં આવે છે. શું છે આ કાયદાની તે જોગવાઈ કે જેના હેઠળ પતંગ ઉડાડવાથી જેલ પણ થઈ શકે છે. ઈન્ડિયન એરક્રાફ્ટ એક્ટ ૧૯૩૪ની કલમ ૧૧ કહે છે કે, 'જે કોઈ વ્યક્તિ જાણીજોઈને કોઈ પણ વિમાનને એવી રીતે ઉડાડે છે કે જેનાથી કોઈ વ્યક્તિ અથવા જમીન, પાણી અથવા હવામાં કોઈપણ સંપત્તિને નુકસાન થાય, તો તેને ૨ વર્ષ સુધીની સજા અથવા દંડ રૂ. ૧૦ લાખ સુધીનો દંડ થઈ શકે છે. આ ઉપરાંત, સજા દંડ અથવા બંને હોઈ શકે છે. આ કાયદો ૨૦૦૮માં બદલાયો હતો જેમાં સજા અને દંડમાં વધારો કરવામાં આવ્યો હતો. તે પહેલા, ૬ મહિના સુધીની જેલ અને ૧૦,૦૦૦ રૂપિયા દંડની સજા હતી. બ્રિટિશ કાળથી ખતરનાક રીતે પતંગ ઉડાડવા પર સજા આપતો બહુ જૂનો કાયદો છે, પરંતુ મોટાભાગના લોકો તેના વિશે જાણતા નથી. આ જ કારણ છે કે, લાયસન્સ વગર પતંગ ઉડાડવામાં આવે છે. લાઈસન્સ ક્યાંથી મેળવવું તે અંગે કંઈ સ્પષ્ટ નથી. આ માટે સિવિલ એવિએશન ઓથોરિટી પાસેથી લાઈસન્સ મેળવવું પડશે. ૨૦૧૮ માં કેટલાક કાર્યકરોએ મોટા પાયે પતંગ ઉડાવવા માટેના લાઈસન્સ માટે નાગરિક ઉડ્ડયન સત્તામંડળને અરજી કરી હતી. તેમનો હેતુ આ જૂના કાયદાની અસંગતતા તરફ સત્તાવાળાઓ અને લોકોનું ધ્યાન દોરવાનો હતો.

### પૂર્વ ભારતીય ક્રિકેટર પ્રવીણ કુમારએ કહ્યું

# દારૂ તો બધા પીવે છે પણ મને બદનામ કરવામાં આવ્યો

### આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવીણ કુમાર ભારત માટે ૬ ટેસ્ટ, ૬૮ ODI અને ૧૦ T20 મેચ રમી ચૂક્યા છે

નવી દિલ્હી,

૨૦૦૦નો દશક ભારતીય ક્રિકેટ ટીમ માટે ખૂબ જ સુવર્ણકાળ હતો. તે સમયે નાના શહેરોના ઘણા ખેલાડીઓ ટીમ ઈન્ડિયા માટે રમતા હતા. દેશમાં ક્રિકેટ એટલું લોકપ્રિય હતું કે લોકો તેને જોવાનું પસંદ કરતા હતા. પ્રવીણ કુમાર ૨૦૦૦ના દાયકાના ખેલાડી હતા.




જેની કારકિર્દી લાંબો સમય ટકી શકી નહીં. એક ઈન્ટરવ્યુ દરમિયાન તેણે તેના ભૂતપૂર્વ સાથી ખેલાડીઓ પર દારૂ પીવાનો આરોપ લગાવ્યો હતો. ધ લલ્લનટોપ સાથે વાત કરતા મેરઠના ફાસ્ટ બોલર પ્રવીણ કુમારે કહ્યું હતું કે, “જ્યારે હું ભારતીય ટીમમાં હતો, ત્યારે સિનિયરો કહેતા હતા કે દારૂ પીવો જોઈએ નહીં, આ ન કરવું કે તે ન કરવું. બધા ડ્રિંક કરતા હતા પણ બદનામ પીકે (પ્રવીણ કુમાર) એક જ થઈ ગયો કે એ પીવે છે. આ દરમિયાન પ્રવીણને એ પણ પૂછવામાં આવ્યું કે શું સચિન તેંડુલકર, રાહુલ દ્રવિડ, સૌરવ ગાંગુલી જેવા સિનિયરોએ તેને દારૂ ન પીવા માટે કહ્યું હતું? આનો જવાબ આપતા પ્રવીણે કહ્યું, ના, હું કેમેરામાં નામ લેવા માંગતો નથી. પીકેને કોણે બદનામ કર્યો છે તે બધા જાણે છે. દરેક વ્યક્તિ તેને ઓળખે છે. જેઓ મને અંગત રીતે જાણે છે. તેઓ જાણે છે કે હું કેવો છું. મને ખરાબ રીતે દર્શાવવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએ કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવીણ કુમાર ભારત માટે ૬ ટેસ્ટ, ૬૮ **ODI** અને ૧૦_૨૦ મેચ રમી ચૂક્યા છે. આ દરમિયાન આ ફાસ્ટ બોલરે અનુક્રમે ૨૭, ૭૭ અને ૮ વિકેટ ઝડપી છે. તેણે વનડેમાં અડધી સદી પણ ફટકારી છે. સારા આંકડા હોવા છતાં તેની કારકિર્દી લાંબો સમય ટકી શકી નહોતી. **IPL**માં પ્રવીણ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર, સનરાઈઝર્સ હૈદરાબાદ અને કિંગ્સ ઈલેવન પંજાબ જેવી ટીમો માટે પણ રમી ચૂક્યો છે.

# પીએમ મોદીના હસ્તે ગ્લોબલ ટ્રેડ શોનો શુભારંભ કરાવ્યો




ગાંધીનગર,

પીએમ મોદીના હસ્તે ગ્લોબલ ટ્રેડ શોનો શુભારંભ કરાવ્યો છે. તેમની સાથે રાજ્યના સીએમ ભુપેન્દ્ર પટેલ પણ ત્યાં ઉપસ્થિત રહ્યા હતા. આ ટ્રેડ શોમાં 'મેક ઈન ગુજરાત', ''આત્મ નિર્ભર ભારત'' સહિતની વિવિધ થીમ પર આધારિત ૧૩ સ્ટોલ બનાવવામાં આવ્યા છે. બે લાખ ચોરસ મીટર વિસ્તારમાં દેશ-વિદેશના મહાનુભાવો, ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા છે. આ ગ્લોબલ ટ્રેડ શોમાં ૨૦ દેશોના ઉદ્યોગોની માહિતી પ્રદર્શિત કરાશે. વિવિધ ક્ષેત્રોમાં થઈ રહેલા સંશોધનો અને નવીનતાઓ રજૂ કરશે. આ ટ્રેડ શોમાં વિઝિટીંગ તરીકે ૧૦૦ દેશો જ્યારે પાર્ટનર તરીકે ૩૩ દેશો ભાગ લઈ રહ્યા છે. ગુજરાત ટ્રેડ શોમાં એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ, ઓટોમોબાઈલ અને ઓટો કમ્પોનન્ટ્સ, સિરામિક્સ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ,જેમ્સ એન્ડ જ્વેલરી, ફાર્માસ્યુટિકલ્સ,પોર્ટ્સ અને મરીન જેવા ક્ષેત્રોમાં અત્યાધુનિક ઉત્પાદનો અને સેવાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. ટેક્સટાઈલ્સ અને ગાર્મેન્ટ,ઈલેક્ટ્રિક વાહનો, ગ્રીન હાઈડ્રોજન,એરક્રાફ્ટ અને આનુષંગિક ઉદ્યોગો, નવીનીકરણીય ઊર્જા, સેમિકન્ડક્ટર અને ઈએસડીએમ ફિનટેક, સાયબર સુરક્ષા, એઆઈ, મશિન લર્નિંગ સહિતના ઉદ્યોગો આ ટ્રેડ શોના આકર્ષણના કેન્દ્રો રહેશે.

રાજ્યમાં દર બે વર્ષે યોજાતા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા તા.૯થી ૧૩ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન હેલિપેડ ગ્રાઉન્ડ, ગાંધીનગર ખાતે 'વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો'- ૨૦૨૪ યોજાશે. બે લાખ ચોરસ મીટર વિસ્તારમાં પ્રદર્શન અને સ્ટોલ ધરાવતા ભારતના આ સૌથી મોટા ગ્લોબલ ટ્રેડ-શોનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે થોડીવારમાં જ ઉદઘાટન કરવામાં આવશે. ભારતના સૌથી મોટા ગ્લોબલ ટ્રેડ-શોનું આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ઉદઘાટન કરવામાં આવશે.આ ઉદઘાટન પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત દેશ- વિદેશના મહાનુભાવો,ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહેશે. આ ગ્લોબલ ટ્રેડ શો તા.૧૦-૧૧ જાન્યુઆરીએ બિઝનેસ વિઝટર્સ માટે જ્યારે તા. ૧૨-૧૩ જાન્યુઆરીએ જાહેર જનતા માટે ખુલ્લો રહેશે.

૧૦મા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ અંતર્ગત યોજાતા આ ગ્લોબલ ટ્રેડ -શોમાં ઓસ્ટ્રેલિયા, તાંઝાનિયા, મોરોક્કો, મોઝામ્બિક, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ, એસ્ટોનિયા, બાંગ્લાદેશ, સિંગાપોર, -સંયુક્ત આરબ અમીરાત, યુકે, જર્મની, નોર્વે, ફિનલેન્ડ, નેધરલેન્ડ, રશિયા,રવાન્ડા, જાપાન, ઈન્ડોનેશિયા અને વિયેતનામ એમ કુલ ૨૦ દેશો આ પ્રદર્શનમાં પોતાના દેશોના ઉદ્યોગોની માહિતી પ્રદર્શિત કરશે.

### ચેનલો અડધો ફૂટ ખસી

# બ્રિજ પર ગાબડા પડતાં પૂર્વ સાંસદ જુગલજી ઠાકોરે ઉઠાવ્યા સવાલો

## મહેસાણા બાયપાસ હાઈવે નજીક આવેલા બ્રિજ પરની ત્રણથી ચાર ચેનલો ખસી ગઈ છે, જેના કારણે રોડ અને ચેનલો વચ્ચે અડધો ફૂટ જેટલી જગ્યા પડી ગઈ છે

મહેસાણા,

રાજ્યમાં રોડ અને રસ્તાની ફરિયાદ ફરી એકવાર ઉઠી છે, મહેસાણામાં એક બાયબાસ બ્રિજ પર મોટા મોટા ગાબડાં પડતા વાહન ચાલકો અને સ્થાનિકો હેરાન પરેશાન થયા છે. મહેસાણા બાયપાસ હાઈવે નજીક આવેલા બ્રિજ પરની ત્રણથી ચાર ચેનલો ખસી ગઈ છે, જેના કારણે રોડ અને ચેનલો વચ્ચે અડધો ફૂટ જેટલી જગ્યા પડી ગઈ છે, આને હવે તાત્કાલિક ધોરણે રિપેર કરવાની માંગ ઉઠી છે, આ મામલે પૂર્વ સાંસદ જુગલજી ઠાકોરે પણ તંત્ર સામે સવાલો ઉઠાવ્યા છે. મળતી માહિતી પ્રમાણે, મહેસાણા રોડ અને રસ્તાની બિસ્માર હાલ પર હવે રાજકારણીઓ પણ ખુલીને બોલી રહ્યા છે, શહેરમાં એક બાયપાસ રોડ પરના બ્રિજ ચેનલો ખુલ્લી પડી જતાં સ્થાનિક નેતા અને પૂર્વ સાંસદ જુગલજી ઠાકોરે તંત્ર સામે સવાલો કર્યા છે. ખરેખરમાં વાત એમ છે કે, મહેસાણામાં આવેલા બાયપાસ રોડ પર રાજવી ફાર્મ નજીકના એક બ્રિજ આવેલો છે જેની હાલત એકદમ બદતર થઈ ગઈ છે, હાલમાં આ બ્રિજ પરની બેથી ત્રણ ચેનલો ખુલ્લી પડી ગઈ છે, રોડ અને ચેનલો વચ્ચે લગભગ અડધા ફૂટ જેટલી જગ્યા પડી ગઈ છે. ચેનલથી જોડાયેલા બે રોડ વચ્ચે ૬ થી ૭ ઈંચની ગેપ પડી ગઈ છે, જેના કારણે ગમે ત્યારે મોટો અકસ્માત સર્જાવવાનો ભય છે. હાલમાં આ બ્રિજ ઉપર કુલ ૨૦ ચેનલો આવેલી છે.

તમામ ચેનલ અને રોડ અલગ થઈ ગયો છે. આમાં પણ ત્રણ ચેનલો એવી છે જેમાં રોડ અને ચેનલ વચ્ચે અડધો ફૂટ કરતા વધુ અંતર પડી ગયુ છે. આ બ્રિજને લઈને હવે સવાલો ઉભા થઈ રહ્યાં છે. મહેસાણાના મોઢેરામાં રાજ્યકક્ષાનો સામૂહિક સૂર્ય નમસ્કાર કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ આ કાર્યક્રમમાં રાજ્યકક્ષાથી વિજેતા થયેલા ૬ શ્રેષ્ઠ સ્પર્ધકોને પુરસ્કાર પણ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સૌથી વધુ સંખ્યામાં સૂર્ય નમસ્કાર કરવાનો વિશ્વ રેકોર્ડ નોંધાયો હતો. નવા વર્ષના પ્રથમ દિવસે સામૂહિક સૂર્ય નમસ્કારનો વિશ્વ રેકોર્ડ નોંધાયો હતો. ૧૫ લાખથી વધુ યુવાને સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં નોંધણી કરાવી છે. રાજ્ય કક્ષાના ૧૦૮ આઈકોનીક સ્થળ પૈકી ૫૧ સ્થળ પર આજે સૂર્ય નમસ્કારનું આયોજન કરવામાં આવ્યું હતું. અને ૫૧ સ્થળો પર યોજાયેલો આ સૂર્ય નમસ્કાર કાર્યક્રમ ગિનિસ બુક ઓફ વિશ્વ રેકોર્ડમાં નોંધાયો હતો. કાર્યક્રમને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કેઁસ્એ યોગ દિવસને ઉજવવાનો પ્રસ્તાવ મુક્યો હતો.ઁસ સ્વદેશ હિતની સાથે સમગ્ર વિશ્વનો વિચાર કરે છે. રાજ્યના ૧૫ લાખ લોકો આ કાર્યક્રમમાં જોડાયા હતા. સૂર્ય નમસ્કારના વિજેતા ઉમેદવારોને અભિનંદન. બદલાતા યુગમાં સ્વાસ્થ્ય પ્રત્યે લોકોમાં જાગૃતિ વધી છે.આરોગ્યપ્રદ જીવન શૈલી માટે યોગ ઉત્તમ છે.ઁસ્ના માર્ગદર્શનમાં સરકારે યોગ યુનિવર્સિટીની શરૂઆત કરી છે. વિકસિત ભારત માટે સ્વસ્થ,તંદુરસ્ત સમાજ અનિવાર્ય છે.

# લગ્ન નોંધાણીમાં વાલીની સહી ફરજિયાત કરો, MLA રમણલાલ વોરાનો CMને પત્ર

ઈડર,

લગ્ન નોંધણી અધિનિયમમાં કરવામાં સુધારો કરવાની માગ વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને હાલ ઈડરથી ભાજપનાં ધારાસભ્ય રમણલાલ વોરાએ કરી છે. મુખ્યમંત્રીને પત્ર લખી રમણલાલ વોરાએ માગ કરી કે લગ્ન નોંધણીમાં વાલીની સહી ફરજિયાત કરવામાં આવે. રમણલાલ વોરાના મતે લગ્ન કરનાર દીકરી અને તેના પરિવારજનો સાથે થતી છેતરપિંડી અટકાવવા માટે લગ્ન નોંધણી અધિનિયમમાં સુધારો કરવામાં આવે.

લગ્ન નોંધણીના અધિનિયમના સુધારા કરવા ઈડરના ધારાસભ્યના પત્રને પૂર્વ મંત્રી ગોવિંદ પટેલે પણ સમર્થન આપ્યું છે. ગોવિંદભાઈ પટેલે કહ્યું રમણલાલ વોરા ખૂબ અભ્યાસુ નેતા છે અને સામાજિક રીતે પણ ખૂબ અભ્યાસુ છે. તેમના પત્ર પર સરકારે ગંભીરતાપૂર્વક વિચારણા કરવાની જરૂર છે.



સાબરમતી રિવરફ્રન્ટમા ચાલી રહેલ પતંગમહોત્સવમા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગઈકાલે સાંજે ફિલ્મ અભિનેતા બોબી દેઓલ આવ્યા હતા

Publisher, Printer and Owner : Vijyaben V. Sisodiya • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben V. Sisodiya